# ન્યૂ APMC ફ્રૂટ માર્કેટ પાસેથી એમડી ડ્રગ્સ સાથે એક પકડાયો

**ડ્રગ્સનો** જથ્થો આપનાર નદીમ નામના શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન

સુરત : પુણા પોલીસે ગત મંગળવારની મોડી રાત્રે ન્યુ એપીએમસી ફ્રુટ માર્કેટ પાસેથી સેવન માટે લવાયેલા એમડી ડ્રગ્સના જથ્થા સાથે લારીવાળાને પકડી પાડ્યો છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ગત 29 મીના રાત્રિના સુમારે પુણા પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ. પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે, પુણાગામ ન્યુ એ.પી.એમ.સી. ફ્રુટ માર્કેટની સામે, ઈન્ટરસીટી ખાડી પુલથી આંજણા ફાર્મ તરફ જતા જાહેર રોડ પર એક ઈસમ ગેરકાયદે રીતે ડ્રગ્સની હેરાફેરી કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી સ્થળ પરથી આરોપી મોહંમદ રેહાન જમીલ અહમદ અંસારી (ઉ.વ. ૨૮, ધંધો-નાસ્તાની લારી, રહે. ઘર નં. ૪૨૬, ૪૨૭, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની બાજુમાં, ભાઠેના, સુરત)ને ઝડપી પાડ્યો હતો.

ઝડપાયેલા આરોપીની અંગજડતી તથા વાતચીત દરમિયાન તેની પાસેથી વેચાણ તેમજ સેવન અર્થે રાખેલ કુલ ૩.૨૬ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ (જેની કિંમત રૂપિયા ૯,૭૮૦) મળી આવ્યું હતું. આ ઉપરાંત પોલીસે આરોપી પાસેથી એક મોબાઈલ ફોન, રોકડા રૂપિયા ૩૦૦, પીવીસી આધાર કાર્ડ, નાનો બેટરી સંચાલિત ડિજિટલ વજન કાંટો તથા મોપેડ સહીત કુલ રૂપિયા ૭૦,૧૮૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પ્રાથમિક પૂછપરછમાં આ ડ્રગ્સનો જથ્થો પૂરો પાડનાર નદીમ નામના શખ્સનું નામ ખૂલવા પામ્યું છે, જે હાલ પોલીસ પકડથી દૂર છે. પોલીસે ફરાર વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વિડીયો કોલમાં ઝઘડો થયો ને પત્ની સામે જ પતિનો આપઘાત

**૧૦ મહિના** પહેલાં જ લગ્ન થયાં હતાં પત્ની ગર્ભવતી, અમરોલી પોલીસે તપાસ હાથ ધરી

સુરતઃ અમરોલી છાપરાભાઠા વિસ્તારમાં પત્ની સાથે વીડિયો કોલ પર વાતચીત દરમિયાન થયેલા ઝઘડા બાદ ૩૨ વર્ષીય યુવકે પત્નીની નજર સામે જ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકના માત્ર ૧૦ મહિના પહેલાં જ લગ્ન થયા હતા અને તેની પત્ની હાલ ગર્ભવતી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઓરિસ્સાના ગંજામ જિલ્લાના વતની અને હાલ અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલા ગાયત્રીનગરમાં રહેતો ૩૨ વર્ષીય સત્યબાન નીલાચંદ બહેરા પોતાના ભાઈ સાથે રહેતો હતો. તે એમ્બ્રોઈડરીના કારખાનામાં કામ કરી વતનમાં રહેતી પત્ની સહિતના પરિવારનું ભરણપોષણ કરતો હતો. કાલે સાંજે સત્યબાન તેની પત્ની સાથે વીડિયો કોલ પર વાતચીત કરી રહ્યો હતો. દરમિયાન દંપતી વચ્ચે કોઈ બાબતને લઈને ઝઘડો થયો હતો. ઝઘડાથી ગુસ્સે ભરાયેલા સત્યબાને ચાલુ વીડિયો કોલમાં જ પત્નીની નજર સામે ઘરના પંખા સાથે ગમછો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આ સમગ્ર ઘટના જોઈ પત્નીએ તાત્કાલિક સત્યબાનના ભાઈને જાણ કરી હતી. ત્યારબાદ પરિવારજનો ઘરે પહોંચ્યા હતા અને સત્યબાનને ફાંસો ખાધેલી હાલતમાં નીચે ઉતારી સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં, ફરજ પરના તબીબે તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાને પગલે અમરોલી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પૂર્વ શાસકોના ઠરાવોના અમલમાં કેમ વિલંબ થાય છે?: પૂર્વ મેયરનો આક્રોશ

**પૂર્વ** મેયર દક્ષેશ માવાણીની તાપીપુરા નામકરણ, સોસા. માં વૃક્ષોનાં ટ્રીમિંગ અને પેવર બ્લોકના રિપેરિંગ મુદ્દે કમિ.ને ટકોર

**પ્રોજેક્ટની** ધીમી ગતિમાં વેગ લાવવા 'સુરત શક્તિ' સ્કીમ બનાવવા રજૂઆત

સુરતઃ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં પૂર્વ મેયર દક્ષેશ માવાણીએ વિવિધ મુદ્દે રજૂઆત કરતાં મનપાની કામગીરીમાં વિલંબ સામે સવાલો ઉઠાવ્યા હતા. સોસાયટીઓમાં વૃક્ષોનું ટ્રીમિંગ મનપા દ્વારા કરવામાં આવે તેવી જોગવાઈનો ઝડપથી અમલ કરવા રજૂઆત કરી હતી. ગત ટર્મમાં મુઘલરાયનું નામ બદલી તાપી ભવન અને તાપીપુરા નામના બોર્ડ લગાવવાનો નિર્ણય થયો હોવા છતાં તેના અમલમાં થયેલા વિલંબ સામે પણ માવાણીએ રજૂઆત કરી હતી. પૂર્વ મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, ડુમસ સી ફેસનું સતત ફોલોઅપ લઈને જે-તે સમયે પદાધિકારીઓ દ્વારા અને કમિશનરે 154 કરોડના ખર્ચે સાકાર થયેલ ફેઝ વનનું લોકાર્પણ કરાવ્યું હતું અને ડુમ્મસ સી ફેઝનું ફેઝ-2નું પણ લોકાર્પણ બે મહિના બાદ જ કરવાનું આયોજન હતું. પરંતુ એ વાતને છ મહિના થઈ ગયા પછી પણ ડુમ્મસ સી ફેઝનો ફેઝ-2 ખુલ્લો મૂકી શકાયો નથી. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થાય તે માટે જે રીતે ગતિશક્તિ યોજના હેઠળ સતત સમીક્ષા કરવામાં આવે છે, તે જ રીતે સુરત મનપામાં પણ 'સુરત શક્તિ' હેઠળ રિવ્યુ કરવામાં આવે અને કામગીરીમાં રહેલા વિલંબને દૂર કરીને તમામ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થાય તેની જવાબદારી નક્કી કરવામાં આવે.




## સામાન્ય સભામાં કચરાના ફોટો-પ્લે કાર્ડ લઇ જતા અટકાવાતા વિપક્ષનો સભાગૃહ બહાર દેખાવો

સુરતઃ સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં ખડકાયેલા કચરાના ઢગલા અને ડોર-ટુ-ડોર કચરા સંગ્રહની અસંતોષકારક કામગીરીને લઈને આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોએ પ્લેકાર્ડ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વોર્ડ નં. 17ના કોર્પોરેટરો ધર્મેશ ભંડેરી, રચના હીરપરા, અસ્મિતા ધોરાજીયા અને પંકજ ચાવડાએ જણાવ્યું હતું કે અડાજણ, સેન્ટ્રલ ઝોન, કતારગામ, લિંબાયત અને વરાછા સહિતના વિસ્તારોમાં કચરાના ઢગલા ખડકાયેલા છે અને અનેક રજૂઆતો છતાં કોઈ નિરાકરણ આવતું નથી. માત્ર સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ ક્રમાંક મેળવવાથી શહેર સ્વચ્છ નથી બની જતું પરંતુ દરેક ગલીઓ ચોખ્ખી કરવી પડે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના ઘરથી માત્ર 100 મીટરના અંતરે જ કચરાના ઢગલા હોય તો આખા શહેરની સ્થિતિ કેવી હશે તે સમજી શકાય છે. વિપક્ષે આ વાતની સાબીતી માટે ફોટાઓ પણ રજુ કર્યા હતા.

## કાદરશાની નાળના મેટ્રો સ્ટેશનના નામ ક્ષેત્રપાળ મંદિરના નામ પરથી રાખો: ઉનડકટ

સામાન્ય સભામાં કોર્પોરેટર વ્રજેશ ઉનડકટે કાદરશાની નાળ મેટ્રો સ્ટેશનનું નામ બદલી નજીક આવેલા ક્ષેત્રપાળ મંદિરના નામ પરથી રાખવા રજૂઆત કરી હતી. તેમણે રમૂજમાં કહ્યું હતું કે, આ વખતે પણ ધ્યાન નહીં અપાય તો આગામી વખતે કાદરશાની નાળ વિસ્તારનાં કામો નામંજૂર કરાશે. સાથે જ બેઝમેન્ટ ધરાવતાં કોમર્શિયલ કોમ્પ્લેક્સના પ્લાન મંજૂર કરતા પહેલાં ફરજિયાત ડિવોટરિંગ પંપની વ્યવસ્થા કરાવવાની માંગ કરી હતી. ચોમાસામાં અનેક સ્થળોએ પાણી ભરાતાં ડિવોટરિંગ પંપની જરૂરિયાત ઊભી થઈ હતી, ત્યારે આવી ઇમારતોમાં કાયમી વ્યવસ્થા જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

## પૂર્વ મેયરને ટકોર અને સિનિયર કોર્પો.નો પોઇન્ટ ઓફ ઓર્ડર ધ્યાને નહીં લેવાયો

સભામાં શૂન્ય કાળ દરમિયાન પાંચ-છ મિનિટનો સમય બચતો હોવાથી પૂર્વ મેયરને ચર્ચા કરવા ઊભાં કરાયાં હતાં. જોકે, દક્ષેશ માવાણી બોલવાનું શરૂ કરે એ પહેલા જ મેયરે તેને ટૂંકમાં રજૂઆત કરવાની ટકોર કરી હતી. જ્યારે એક નગરસેવકની રજૂઆત વખતે કોર્પોરેટર ઉર્વશી પટેલે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો, પરંતુ મેયરે તેને ધ્યાનમાં જ નહીં લેતાં સિનિયર નગરસેવકોમાં કચવાટ ફેલાયો હતો.

## મનપાની 22માંથી માત્ર 9 બોટ જ કાર્યરત, નવી બોટ ખરીદવાની માંગ

કોર્પોરેટર ભૂપેન્દ્ર રાઠોડે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, મનપા પાસે કુલ 22 બોટ છે, પરંતુ તેમાંથી માત્ર 9 બોટ જ હાલ કાર્યરત છે, જ્યારે બાકીની બોટો ભંગાર હાલતમાં છે. તેમણે જણાવ્યું હતું કે, આ ચોમાસા દરમિયાન પાણી ભરાયા ત્યારે કતારગામ ઝોનમાં માત્ર એક જ બોટ ઉપલબ્ધ હતી. મનપાએ નવી બોટ પણ વસાવવી જોઈએ તેવી રજૂઆત કરી હતી.

## સભા પણ 'રિમોટ કંટ્રોલ'થી ચાલે છે? પ્રદેશના ફોન બાદ ફરી બેઠક વ્યવસ્થા બદલાઈ

બુધવારે મળેલી સામાન્ય સભામાં બેઠકની ફાળવણીને લઈ જે ઘટનાક્રમ સર્જાયો તેણે મનપાનું શાસન ખરેખર સ્થાનિક સ્તરે ચાલી રહ્યું છે કે પછી 'રિમોટ કંટ્રોલ'થી તેવો સવાલ ઊભો કર્યો છે. નવા બોર્ડની પ્રથમ સામાન્ય સભામાં શાસક પક્ષ નેતા અલ્પા મહેતાને પહેલી હરોળમાં નિર્ધારિત સ્થાન આપવામાં આવ્યું હતું. જોકે, બીજી સામાન્ય સભામાં જૂથબંધીના ગણિત વચ્ચે આ બેઠક પૂર્વ શાસક પક્ષ નેતા અમિતસિંહ રાજપૂતને ફાળવી દેવામાં આવી હતી. પરિણામે શાસક પક્ષ નેતાને સાઇડ ટ્રેક કરાયાની ચર્ચા મનપાનાં રાજકીય વર્તુળોમાં શરૂ થઈ હતી. આ મામલો છેવટે ભાજપના મોવડીમંડળ સુધી પહોંચ્યો હોવાનું કહેવાય છે. બુધવારે સામાન્ય સભા શરૂ થાય તે પહેલાં જ પ્રદેશ સ્તરેથી ફોન આવ્યા બાદ બેઠક વ્યવસ્થામાં ફરી ફેરફાર થયો અને અલ્પા મહેતાને તેમની નિર્ધારિત બેઠક, એટલે કે સ્થાયી સમિતિ ચેરમેનની બાજુમાં પહેલી હરોળમાં સ્થાન આપવામાં આવ્યું. સામાન્ય રીતે સભાગૃહના અધ્યક્ષ મેયર હોય છે અને બેઠક ફાળવણીની જવાબદારી પણ તેમની હોય છે. પરંતુ એક જ બેઠકને લઈને પ્રદેશ સ્તરેથી હસ્તક્ષેપ થવાની સ્થિતિએ મનપાના શાસન અંગે અનેક સવાલો ઊભા કર્યા છે. વર્તમાન બોર્ડમાં અમિતસિંહ રાજપૂત સૌથી સિનિયર નગરસેવક છે અને તેઓ ત્રણ ટર્મથી ચુંટાઈ આવ્યા છે. તેથી પહેલી હરોળમાં તેમનું સ્થાન યથાવત રહેવું જોઈએ એવો તેમનો આગ્રહ હોવાનું મનપાનાં રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

# બોયલર-સ્ટીમ સિસ્ટમની કાર્યક્ષમતા વધારવા વૈશ્વિક નિષ્ણાત સુરતમાં

**થાઇલેન્ડના** આંતરરાષ્ટ્રીય નિષ્ણાત સોમચાઇ દેચાપાનિચકુલ મિલ માલિકોને ચાર દિવસ ઓછા ઈંધણમાં વધુ ઊર્જા મેળવવાની ટેક્નિક શીખવશે



## બોયલર ઓપરેટર્સ તથા ટેક્નિકલ સ્ટાફની નિષ્ણાતો સાથે ચર્ચા

કાર્યક્રમને સફળ બનાવવા NI-MSMEની સ્કૂલ ઓફ એન્ટરપ્રાઇઝ ડેવલપમેન્ટના ડાયરેક્ટર સૂર્યપ્રકાશ ગોડ, UNIDOના નેશનલ પ્રોજેક્ટ કોઓર્ડિનેટર દેબાજિત દાસ, જીતેન્દ્રભાઈ વખારિયા અને NI-MSMEના જિગ્નેશ દવે સહિતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે. સુરતના બોયલર ઓપરેટર્સ તથા ટેક્નિકલ સ્ટાફે તાલીમમાં ભાગ લઈ પોતાના કોલસાના વપરાશ, બોયલરની કામગીરી અંગે નિષ્ણાતો સાથે ચર્ચા કરી હતી.

સુરત : વધતી કોલસાની કિંમત વચ્ચે જાણીતા થાઈલેન્ડના આંતરરાષ્ટ્રીય નિષ્ણાત સોમચાઈ દેચાપાનિચકુલ મિલ માલિકો અને બોઈલર ઓપરેટર્સને ચાર દિવસ ઓછા ઈંધણમાં વધુ ઊર્જા મેળવવાની ટેક્નિક શીખવશે.

ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ જીતેન્દ્રભાઈ વખારિયા અને પાંડેસરા ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશનના પ્રમુખ કમલવિજય તુલસિયાને જણાવ્યું હતું કે, કોલસાના સતત વધી રહેલા ભાવ અને ઉત્પાદન ખર્ચના વધતા બોજ વચ્ચે ટેક્સટાઈલ સહિતના ઉદ્યોગોમાં બોયલર અને સ્ટીમ સિસ્ટમનો મહત્તમ કાર્યક્ષમ ઉપયોગ થાય તે હેતુથી સુરતમાં મિલ માલિકોએ અને બોયલર ઓપરેટર્સ માટે ચાર દિવસીય વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ બે દિવસ સૈદ્ધાંતિક માર્ગદર્શન બાદ બે દિવસ વિવિધ ઔદ્યોગિક એકમોની મુલાકાત દ્વારા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવશે.

# મિલકતની તકરાર અને નાણાકીય લેણ-દેણના હુમલા કેસમાં ત્રણને ત્રણ વર્ષની કેદ

**વર્ષ-૨૦૧૭માં** મિલકતનો સોદો કરનારના દિકરાને આંતરી હુમલો કરાયો હતો

સુરતઃ મિલકતની તકરાર અને નાણાકીય લેણ-દેણ બાબતે યુવક પર લોખંડની પાઇપ તથા લાકડાના ધોકા વડે ઘાતકી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવાના કેસમાં ટ્રાયલ કોર્ટે ત્રણ આરોપીને ત્રણ વર્ષની સજા અને દરેકને ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે એપીપી પ્રવિણ પટેલ કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. સને ૨૦૧૭માં ફરિયાદીના પિતા બાબુભાઈ દેવજીભાઈ કવાએ વેડ રોડ સ્થિત એક પ્લોટનો સોદો આરોપી દેવુભા મનુભા ગોહિલ સાથે કર્યો હતો અને ટુકડે-ટુકડે રૂા. ૩૭ લાખ મેળવ્યાં હતા. જો કે, મિલકતનો કબજો કે દસ્તાવેજ ન મળવા અને નાણાં પરત ન આપવાના મુદ્દે પક્ષકારો વચ્ચે અદાવત ચાલી રહી હતી.

આ અદાવતના કારણે તા. ૦૬/૦૭/૨૦૧૯ ના રોજ બપોરના સુમારે જ્યારે ફરિયાદી ભાવેશ કવા પોતાની મોટરસાયકલ પર હરીદર્શનના ખાડા પાસે મહેક રેસિડેન્સી પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે તેમની ગાડી આડે અન્ય વાહન રોકી દીધું હતું. ત્યારબાદ આરોપીઓએ દેવુભાના પૈસા આપી દે, નહીં તો જાનથી મારી નાખીશું કહીને લોખંડની પાઇપ અને લાકડાના ધોકાથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ચોક પોલીસે ફરિયાદને આધારે દિપુલ ઉર્ફે સીંઘમ ધીરૂભાઈ માણીયા, કલ્પેશભાઈ જસમતભાઈ ઘોરી, વિપુલભાઈ ભુપતભાઈ ઉર્ફે ભુપનભાઈ સોંદરવા, દેવુભા મનુભા ગોહિલ, ચંદ્રસિંહ ઉર્ફે ચંદ્રેશ દેવુભા ગોહિલ સામેકાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સુરતના ૧૭મા એ.સી.જે.એમ. જીતેન્દ્ર સિંહની કોર્ટ ચાલી હતી. કોર્ટ સમક્ષ સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવા, દલીલોને ધ્યાને લઈ આરોપી દિપુલ માણીયા, કલ્પેશ ઘોરી અને વિપુલ સોંદરવાને દોષિત ઠેરવી સજા ફટકારી હતી.

**આજે ઈન્ટરનેશનલ કોફી ડે** સુરતમાં એક બે નહીં પરંતુ 12 પ્રકારની કોફી પીવાય છે

# Gen-Zમાં ક્રશ્ડ બીન્સ, ફ્લેવર્ડ કોફીનો ક્રેઝ

**સુરતમાં** કોફી કલ્ચરમાં ધરખમ વધારો, બે જ વર્ષમાં કેફેનો રાફડો ફાટ્યો

સુરતઃ આવતીકાલે ૧ ઓક્ટોબરના રોજ વિશ્વમાં 'ઈન્ટરનેશનલ કોફી ડે' ની ઉજવણી કરાશે, ત્યારે સુરતમાં વધી રહેલા કેફે કલ્ચરમાં શહેરના વેસુ, વેસુ વીઆઈપી રોડ, પીપલોદ, પારલે પોઈન્ટ, સિટી લાઈટ, અડાજણ, કતારગામ, વરાછા અને ડુમસ રોડ સહિતના વિસ્તારોમાં સ્થાનિક કેફે ઉપરાંત કોફી-કેન્દ્રિત બ્રાન્ડ્સ અને સ્પેશિયાલિટી કોફી શોપ્સનો રાફડો ફાટ્યો છે. કોફીના વેપાર સાથે સંકળાયેલા અને તેના પર લાંબા સમયનો અભ્યાસ ધરાવતા સુરતના ઉદ્યોગકાર ચિંતન શાહ જણાવે છે કે, હાલમાં સુરતના બજારમાં ગ્રાહકો માટે ૧૦થી ૧૨ પ્રકારની કોફી ઉપલબ્ધ છે. સારી ગુણવત્તાની કોફી મુખ્યત્વે દક્ષિણ ભારતના મેંગ્લોર જેવા ઉત્પાદક વિસ્તારોમાંથી આવે છે, જ્યારે આયાતી કોફીમાં યુવાનોને વિયેતનામ અને ઈટાલીની કોફી પ્રત્યે વધુ આકર્ષણ છે.

સોશિયલ મીડિયાએ પણ આ બદલાવમાં મોટો ભાગ ભજવ્યો છે. કોફી બનાવવાની વિવિધ પદ્ધતિઓ, લેટ્ટે આર્ટ, બીન્સનું રોસ્ટિંગ, બ્રૂઈંગ ટેક્નિક અને નવા ફ્લેવર્સની માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ બનતા યુવાનોમાં તેના મૂળસ્થાન અને ફ્લેવર પ્રોફાઈલ અંગે જાગૃતિ વધી છે.

## કોફીના કપમાં હવે ૧૦થી ૧૨ વિકલ્પો

હવે ગ્રાહક માટે માત્ર 'કોફી કે ચા?' એવો પ્રશ્ન રહ્યો નથી; કોફીમાં પણ 'કઈ કોફી?' તે વધુ મહત્વનું બન્યું છે. પરંપરાગત ઈન્સ્ટન્ટ કોફીનું પોતાનું બજાર હજુ છે, પરંતુ હવે બીન્સ આધારિત, સ્પેશિયાલિટી અને ફ્લેવર્ડ કોફીની માંગ વધી છે. યુવા ગ્રાહકોમાં વિવિધ મીઠા અને નટ્ટી ફ્લેવર્સની સાથે ખાસ કરીને 'હેઝલનટ' કોફીનો ક્રેઝ નોંધપાત્ર છે.

## કેફે હવે માત્ર કોફી પીવાની જગ્યા નથી રહી

સુરતમાં વિસ્તરી રહેલા કેફે કલ્ચર સાથે તેનો ઉપયોગ પણ બદલાયો છે. Coffee Board ની તાજેતરની ઈ-મેગેઝિન મુજબ, કેફે હવે માત્ર પીણું વેચતી જગ્યાઓ ન રહીને વર્કસ્પેસ, સોશિયલ સ્પેસ અને કોમ્યુનિટી હબ તરીકે વિકસી રહી છે. મિત્રો સાથેની મુલાકાત, બિઝનેસ મીટિંગ, અભ્યાસ, લેપટોપ પર ઓફિસનું કામ કે સોશિયલ મીડિયા માટે કન્ટેન્ટ બનાવવા–કોફી શોપનો બહુઆયામી ઉપયોગ થઈ રહ્યો છે.

## સિંગલ ઓરિજિનથી લઈને કોલ્ડ બ્રૂની બોલબાલા

ભારતમાં કોફીનો ઘરેલુ વપરાશ ૨૦૧૨માં ૮૪,૦૦૦ ટનથી વધીને ૨૦૨૩માં ૯૧,૦૦૦ ટન થયો હોવાનું કોફી બોર્ડ અને PIB ના સંદર્ભે જણાવાયું છે. બજારમાં હવે સિંગલ-ઓરિજિન, ગૌર્મે બ્લેન્ડ, આર્ટિસનલ બ્રૂઈંગ, કોલ્ડ બ્રૂ અને રેડી-ટુ-ડ્રિંક કોફી જેવા સેગમેન્ટ પણ વિકસી રહ્યા છે.

# નાટક 'માયાજાળ'એ સ્ક્રુટિનીની માયાજાળ કેવી રીતે પાર કરી?



સુરતઃ સુરત મહાપાલિકા દ્વારા આયોજીત નાટ્ય સ્પર્ધામાં ચોથા દિવસે થેસ્પિયન આર્ટ્સ સંસ્થાનું નાટક 'માયાજાળ' રજૂ કરવામાં આવ્યું હતું. નાટ્યકાર સલિલ ઉપાધ્યાયના જણાવ્યા પ્રમાણે નાટકની વાર્તામાં માયાજાળ નામનો બંગલો આલોક અને માનસી નાણાવટીનો હોય છે. માનસી અને આલોક નાણાવટી છૂટાછેડા લેવાના હોય, આલોકને પોતાની મિલકતનો મોટો હિસ્સો માનસીને જતો રહેવાનો ભય છે. મિલકત જતી ન રહે એ માટે આલોક માનસીને ફસાવા પ્રેમિકા નીપા અને મિત્ર ઘનશ્યામ સાથે ષડયંત્ર ઘડે છે. પરંતુ રહસ્યમય રમતમાં જે કોઈ છેતરાવા નીકળે છે તેજ ફસાતું જાય છે. નાટકમાં યશ ઉપાધ્યાયનું સામાન્ય દિગ્દર્શન અને કલાકારોનો અભિનય સાધારણ રહ્યો હતો. લેખક પ્રવીણ સોલંકી નાટકને યોગ્ય ન્યાય અપાવવામાં અસફળ રહ્યા. ખરેખર આ નાટકની યોગ્ય રીતે મનપાના સાંસ્કૃતિક વિભાગે સ્ક્રુટિની કરી નથી તેવું લાગ્યું.

## આજે કયું નાટક ભજવાશે

નાટ્ય સ્પર્ધામાં આવતીકાલે પાંચમા દિવસે રાજગ્રુપ થિયેટરનું હિન્દી નાટક 'ફંદી' ભજવાશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા 'વતન વાપસીની મૂંઝવણ' પર ગોષ્ઠી કરાઈ



સુરતઃ સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર, સુરત દ્વારા તા. 27 સપ્ટેમ્બર 2026 ના રોજ અડાજણ ખાતે 'વતન વાપસીની મૂંઝવણ' વિષય પર એક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન પ્રમુખ દક્ષેશ શાહ દ્વારા કરાયું. મનોચિકિત્સક ડો. નિર્સગ શાહ તથા ડો. જશ અજમેરા દ્વારા વિદેશની વાસ્તવિકતાના અનુભવથી થતી મુંઝવણ, સામાજિક દબાણ સહિતના મુદ્દે માર્ગદર્શન અપાયું. CA ડો. પ્રજ્ઞેશ જગાશેઠ, શ્રીમતી ગીતા શ્રોફ તેમજ ચેતન કોન્ટ્રાક્ટર અને ચેતન શેઠ દ્વારા વિવિધ વિષયો પર માર્ગદર્શન અપાયું. સંચાલન નિશા તલાટી દ્વારા કરાયું, પ્રેમલ ગાંધી દ્વારા આભારવિધી કરાઈ હતી.

### પોલીસના અયોગ્ય વર્તનથી જનતા-વકીલો ત્રસ્ત: એડ. પ્રીતિ જોષી

સુરતઃ ગુજરાત બાર કાઉન્સીલનાં સભ્ય એડવોકેટ પ્રીતિ જોષીએ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ ન્યાયમૂર્તિ વી. રામાસુબ્રમણ્યનને રૂબરૂ મળી ગુજરાત પોલીસની ગેરવર્તણુંક અંગે લેખિત રજૂઆત કરી હતી. દિલ્હી સ્થિત રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ ખાતે એડવોકેટ બીસીજી સભ્ય પ્રીતિ જોષીએ આયોગના અધ્યક્ષને રજૂઆત કરી હતી કે લોકશાહી દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર, ન્યાયતંત્ર અને નાગરિકો વચ્ચે પરસ્પર સહયોગ ખૂબ મહત્વપૂર્ણ છે. પરંતુ અમુક કિસ્સાઓમાં પોલીસ તંત્રની અયોગ્ય ગેરવર્તણૂક અથવા ગેરકાયદેસર વર્તનથી જનતા અને વકીલો ત્રસ્ત થયા છે. નાગરિકોના બંધારણીય અને માનવઅધિકારોનું સંપૂર્ણ પાલન થવું જોઈએ. પોતાના અસીલના જામીનમાં કે તેમની ધરપકડ માટે પોલીસ સ્ટેશન મુલાકાત લેતા વકીલોનું ગૌરવ જળવાતું નથી. કાયદાનું પાલન માટે બંધારણીય અધિકારોની રુએ નિર્દેશો આપવા લેખિત રજૂઆત કરવામાં આવતાં આયોગનાં અધ્યક્ષએ યોગ્ય કાર્યવાહી કરવા આશ્વાસન આપ્યું હતું.

### શ્રી પટેલ પ્રગતિ મંડળ દ્વારા કોમ્પ્યુટર કોર્સ શરૂ કરવામાં આવશે

સુરતતઃ શ્રી પટેલ પ્રગતિ મંડળ સુરતનાં અધ્યક્ષ રમેશચંદ જે. પટેલ તરફથી જણાવવામાં આવે છે કે,શ્રી પટેલ પ્રગતિ મંડળ અને એલ.એન્ડ ટી.કોમ્પુટર શકિત પ્રોજેકટનાં સંયુક્ત ઉપક્રમે મંડળ તરફથી તાલીમ,સંશોધન અને વિકાસ ભવન, ઉગત, જહાંગીરાબાદ, શ્રીજી નગરી સોસા.નજીક, રાંદેર વોટર વર્કસની પાછળ, ભેંસાણ રોડ, સુરત મુકામે ત્રણ માસનો કોમ્પ્યુટર કોર્ષ તા:૧-૧૦-૨૦૨૬ થી ૩૧-૧૨-૨૦૨૬ દરમ્યાન શરૂ કરાશે.જેની સમાજનાં યુવક-યુવતીઓએ લાભ લેવા વિનંતી કરાઈ છે.

### ગુજરાત નર્સિંગ કાઉન્સિલના પ્રમુખ પદે ડો. એમ. એમ. પ્રભાકર, ઉપપ્રમુખ ઇકબાલ કડીવાલા




સુરતઃ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન ( IMA )ના પ્રમુખ અને નર્સિંગ કાઉન્સિલના સભ્ય ડો. અનિલ નાયકના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બંને પદ માટે ઉમેદવારી નોંધાવવા ત્રણ વખત જાહેરાત કરવામાં આવી હતી. અન્ય કોઈ સભ્યએ ઉમેદવારી નોંધાવી ન હતી. ત્યારબાદ સુમનદીપ કેમ્પસ, અમદાવાદના તબીબી અધિક્ષક તેમજ પૂર્વ હેલ્થ ડિરેક્ટર (મેડિકલ એજ્યુકેશન) અને સિવિલ હોસ્પિટલ-અમદાવાદના પૂર્વ સુપરિન્ટેન્ડેન્ટ ડો. એમ. એમ. પ્રભાકરને પ્રમુખ તરીકે અને ઈકબાલ કડીવાળાને ઉપપ્રમુખ તરીકે પસંદ કરાયા હતા. પ્રભાકરના અધ્યક્ષપદે વિવિધ કમિટીઓની પણ રચના કરવામાં આવી હતી.

### અબોલ પશુઓના રક્ષણ માટે ગાંધી જયંતીએ સુરતમાં અહિંસા માર્ચ

સુરત : ગાંધી જયંતિના દિવસે અબોલ પશુઓના રક્ષણ અને ગેરકાયદેસર કતલખાનાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે સુરતમાં 2 ઓક્ટોબરે અહિસા માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે.આયોજકોના જણાવ્યા મુજબ, આ રેલી કોઈ રાજકીય પક્ષ કે વ્યક્તિના વિરોધ માટે નહીં, પરંતુ અબોલ પશુઓના રક્ષણના હેતુથી યોજાઈ રહી છે.2 ઓક્ટોબરે સવારે 8:30 કલાકે સરગમ શોપિંગ સેન્ટરથી રેલીનો પ્રારંભ થશે. રેલી ઉમરા થઈ અઠવાલાઇન્સ સ્થિત કલેક્ટર કચેરી ખાતે પહોંચશે. ત્યાં કલેક્ટરને સામૂહિક આવેદનપત્ર આપી ગેરકાયદેસર રીતે કતલખાનામાં લઈ જવાતા પશુઓના રક્ષણ અને કાયદાનો કડક અમલ કરવાની રજૂઆત કરવામાં આવશે. આ માર્ચમાં એક લાખથી વધુ લોકોને જોડાવા માટે આહવાન કરાયું છે.

### નમન બ્રેસ્ટ એન્ડ કેન્સર ક્લિનિક દ્વારા 'પિંક સર્કલ મીટ'નું આયોજન




સુરતઃ બ્રેસ્ટ કેન્સર પ્રત્યે જાગૃતિ વધારવા અને બીમારીને હરાવી ચૂકેલી મહિલાઓની હિંમતને સન્માન આપવાના ઉદ્દેશ્યથી રવિવારે સુરતમાં નમન બ્રેસ્ટ એન્ડ કેન્સર ક્લિનિક દ્વારા વેસુ સ્થિત હેપ્પી એક્સેલેન્સિયા બેન્ક્વેટ હોલમાં 'નમન પિંક સર્કલ મીટ-ચેપ્ટર 1, 2026'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બ્રેસ્ટ કેન્સરમાંથી સ્વસ્થ થઈ ચૂકેલી સર્વાઇવર મહિલાઓ, દર્દીઓ અને તેમના પરિવારજનો સાથે જ અનેક સામાન્ય મહિલાઓ અને ગણમાન્ય મહિલાઓએ તેમજ ડોક્ટરો અને હેલ્થકેર પ્રોફેશનલ્સે પણ ભાગ લીધો હતો. નમન બ્રેસ્ટ એન્ડ કેન્સર ક્લિનિકના ડો. પ્રિયાંશ જૈને જણાવ્યું હતું કે, કાર્યક્રમ દરમિયાન બ્રેસ્ટ કેન્સરના પ્રારંભિક સંકેતો ઓળખવા, સમયસર તપાસ કરાવવા અને સારવાર દરમિયાન સકારાત્મક વિચાર જાળવી રાખવા અંગે જાગૃતિ લાવવામાં આવી હતી.

### બેંક ઓફ ઈન્ડિયા, સુરત ઝોન, દ્વારા હિન્દી માસ 2026ની ભવ્ય ઉજવણી કરવામાં આવી



સુરતઃ બેંક ઓફ ઈન્ડિયા, સુરત ઝોન, દ્વારા 1 સપ્ટેમ્બર, 2026 થી 29 સપ્ટેમ્બર, 2026 દરમિયાન હિન્દી માસ 2026નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટાફ માટે વિવિધ સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રસંગે, પ્રાદેશિક મેનેજર રાજેશ કુમારે વિવિધ સ્પર્ધાઓના વિજેતા સ્ટાફ સભ્યો અને હાજર અન્ય સ્ટાફ સભ્યોને સંબોધિત કર્યા હતી. સમાપન પર, પ્રાદેશિક મેનેજર રાજેશ કુમારે વિવિધ સ્પર્ધાઓના વિજેતા સ્ટાફ સભ્યોને પુરસ્કારો અર્પણ કર્યા. સંચાલન સત્તાવાર ભાષા અધિકારી ઋત્વિક વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.